# રીલના રસિકો માટે રીયલ મજા

## શહેરમાં શરૂ થયેલી ફિલ્મ ક્લબ 'ફિલ્મ્સ ધ રીલ પીપલ'ના પ્રારંભને શહેરના ફિલ્મ રસિકોએ આવકારી

**સિટી રિપોર્ટર. વડોદરા**
*bhaskarcity@guj.bhaskarnet.com*

સોમવાર ૨૭ નવેમ્બર, ૨૦૦૬

મ. સ. યુનિ.ની ફાઇન આર્ટસ અને પરફોર્મિંગ આર્ટસ ફેકલ્ટીના ઘણા બધા વિદ્યાર્થીઓ એક યા બીજી રીતે ફિલ્મ નિર્માણ સાથે સર્જનાત્મક રીતે જોડાયેલાં રહે છે. આ બાબતનો સીધો લાભ વડોદરાના ફિલ્મ રસિકોને ભાગ્યે જ મળતો હતો. પરંતુ રવિવારે શહેરમાં ફાઇન આર્ટ્સ અને પરફોર્મિંગ આર્ટ્સના પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા શરૂ થયેલી ફિલ્મ ક્લબ 'ફિલ્મ્સ- ધ રીલ પીપલ' દ્વારા કલાનગરીના ફિલ્મ રસિકોને એક નવો વિકલ્પ મળ્યો છે. કલાત્મક ફિલ્મો જોવા શોખીન શહેરીજનોએ પહેલાં જ દિવસથી આ ફિલ્મ ક્લબને વધાવી લીધી હોવાનો પૂરાવો રવિવારે શહેરમાં યોજાયેલાં આ ફિલ્મ ક્લબની વિધિવત્ ઘોષણા અને આંતર રાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલના કાર્યક્રમમાં જોવા મળ્યો હતો.

ઇન્જેન એડવટાઇઝમેન્ટના નેજા હેઠળ ફાઇન આર્ટ્સ અને પરફોર્મિંગ આર્ટ્સના પૂર્વ વિદ્યાર્થીઓ નીરજ જોષી, જય મર્ચન્ટ, અમીત કાન્હારે અને અંકુર સરૈયા દ્વારા શરૂ કરાયેલી ફિલ્મ ક્લબની આજે બરોડા હાઇસ્કૂલ, અલકાપુરીના ઓડિટોરીયમ ખાતે આયોજિત વન ડે ફિલ્મ ફેસ્ટિવલ સાથે વિધિવત્ સ્થાપના કરાઇ હતી. ફિલ્મ રસિકોથી છલોછલ ભરાયેલા ઓડિ.માં 'ટર્ટલ કેન ફ્લાય', 'પેરાડાઇઝ નાઉ' 'પ્રોજેક્ટ ફિયર' સહિત બે શોર્ટ ફિલ્મ દર્શાવવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલાં ફાઇન આર્ટ્સ ફેકલ્ટીના ડીન દીપક કન્નલે કહ્યું હતું કે, 'સામાન્ય ફિલ્મો કરતાં અલગ પ્રકારની ફિલ્મો નિહાળવા ઇચ્છતા શહેરના કલાપારખુઓ માટે ફાઇન આર્ટ્સ ફેકલ્ટી દ્વારા ચલાવાતી ફિલ્મ ક્લબ વધુ સંખ્યા સમાવી શકવા સમર્થ નથી, ત્યારે નવી શરૂ થયેલી ફિલ્મ ક્લબ સક્ષમ પર્યાયરૂપ છે.' પરફોર્મિંગ આર્ટ્સના પ્રા. પ્રભાકર દાભાડેએ જણાવ્યું કે, 'ભારતીય માનસિકતાની ઘણી નજીક આવતાં વિશ્વના હોલિવુડ સિવાય અન્ય દેશોમાં બનતી સુંદર અને એકંદરે સસ્તી છતાં વિચારતા કરી દે તેવી ફિલ્મો વડોદરાવાસીઓ 'ફિલ્મ્સ' દ્વારા માણી શકશે એ ચોક્કસ છે.'